શ્રી બહુચરાજી સ્તુતિ ગાયન સંગ્રહ

ભાગ ૨ જો.

શ્રી ગુણ વર્ધક મંડળી તરફથી

બનાવનાર.

જાની. નાથાલાલ ભગવાનજી.

તથા

પા. રામલાલ શીવલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

પા. પાનાચંદ કાળીદાસ.

તથા

શા. મોતીલાલ મગનલાલ.

પ્રત ૨૦૦૦

અમદાવાદ

સીવીલ હસ્પીતાલ સામે પાનાભાઇની વાડીના

મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ

જેકભુદાસે છાપી.

સંવત ૧૯૫૪ સને ૧૮૯૮

કીમત રૂ. ૦—૧—૬

શ્રી બહુચરાજી સ્તુતિ ગાયન સંગ્રહ

ભાગ ૨ જો.

શ્રી ગુણ વર્ધક મંડળી તરફથી

બનાવનાર.

જાની. નાથાલાલ ભગવાનજી.

તથા

પાં. રામલાલ શીવલાલ.

છપાવી પ્રસીદ્ધ કરનાર

પા. પાનાચંદ કાળીદાસ.

તથા

કા. મોતીલાલ મગનલાલ.

પ્રત ૨૦૦૦

અમદાવાદ
સીવીલ હસ્પીતાલ સામે પાનાભાઇની વાડીના
મેડા ઉપર વિશ્વેશ્વર પ્રેસમાં ઇશ્વરદાસ
જેકણદાસે છાપી.
સંવત ૧૯૫૪ સને ૧૮૯૭

કીમત રૂ. ૦—૧—૬

श्री बहूचराजी.



શ્રી બહુચરાજી સ્તુતી ગાયન સંગ્રહ.

ભાગ ૨ જો.

ગાયન ૧ લું રાગ સ્તુતી પ્રાર્થના.

વંદન કરીએ. માજી તુજ ચરણમાં અમે;
સુખને શાંન્તિ કીધી છે માતુશ્રી આ સમે. વંદન.
શેવા મેવા લેવા આપો મને આપ જપું નીત્ય જાપ;
મટે ભવ પાપ દાસ સૌ નમે. વંદન.
ભક્તિ મુક્તિ જુક્તિ આપો માજી આજ;
ગરીબનીવાજ નમે સૌ આજ ઉગારશો તમે. વંદન.

ગાયન ૨ જું રાગ આવો કુમ કુમને પગલે

મન મુરખ લેજે માની ઝટ જુવાની જાવાની;
ઝટ જુવાની જાવાની ના દાખવરે નાદાની.
ના દાખવરે નાદાની મમતા ધારે મન શાની.
મમતા ધારે મન શાની નથી ગઈ વખત મળવાની
જરા ધ્યાંન માજીનું ધરને પાપને હરને પુન્યને ભરને.
સમજ થા જ્ઞાની ઝટ જુવાની જાવાની. મન મુરખ

ગાયન ૩ જું. રાગ નિર્બળ શત્રુ.

બહુચર માતા તુજ ગુણ ગાતા કષ્ટ અમારાં કાપીને;
મહેર કરી ઓ માજી અમોને સહાય તમારી આપીને.
માજી અતી દયાવાન છોજી ભારી કૃપાવાન; (૨)
નથી નથી માજી કોઇ આપની સમાન;
હરનીશ હોંશ ધરી ધરૂં તુજ ધ્યાન. બહુચર માતા.
હું તો નમી નમી માજી તારી પુજા કરૂં નીત્ય. (૨)
અસ્થીર સંસારમાંથી કાઢી નાંખી ચીત્ત;
નથુ ચીત્ત રાખી નીત્ય ગાય આપ ગીત. હું તો. બહુચર.

ગાયન ૪ થું. રાગ રેના બોલો એવી વાત.

વશી ઉર ભક્તિ મોરી માત, નમીને પાય લાગું. વશી.
માએ સજ્યા શોળ સણગાર, થયાં મરઘ ઉપર અસ્વાર
મુને તારોને ભવપારરે, ઉર. વશી. નમી. વશી.

સાખી.

મધુર મુખ જોયા વિના, મન મારૂં અકળાય;
દરશન દ્યો માજી મને, નમીને લાગું પાય.
નમીને પાય લાગું. વશી.
છો જગત જનેતા માત, હું ગરીબ છું અનાથ;
માજી બુડતાં ઝાલો હાથરે, ઉર. વશી. નમી. વશી.

ગાયન ૫ મું રાગ આજે આનંદ આનંદ.

માજી દુઃખ હરી સુખ કરી સહાય કરો;

માજી અજ અમારી તમો ઉર ધરો.
ખરેખર દાસ ખરો, માજી મહારા પાપ હરો (૨)
સહાય, સહાય, સહાય, સહાય, માજી દુખ હરી;
નમું નિત્ય રાખી ચિત્ત માજી મહેર કરો;
કરૂં વિનંતી દયાળ દેવી કાન ધરો;
સેવકને સંહાય કરો, અનાદિનાં પાપ હરો (૨)
સહાય, સહાય, સહાય, સહાય, માજી દુખ હરી.

ગાયન ૬ ઠું રાગ થયાહોરે.

મા મોરે મન વશી રહ્યાં, માજી અતી આનંદ આજે,
અતી આનંદ આજે, માજી મોરા અતી આનંદ આજે મા
પુન્ય પ્રતાપે દરશન પામ્યો, માજી બહુચર માત. હાં.
શોભા તારી, અતી સારી, દુ:ખહારી, સુખકારી.
ઓ માજી બહુચરા આ તન મનતો તમ શરણે છાજે. મા.
રાતદિવસ હું જાપ જપું છું, બાળી બહુચર માત. હાં.
માજી મારી, શેવા તારી, કરૂં સારી, મુને પ્યારી;
બહુચર માજી તેરા દરશનથી ભવી ભમણા ભાજે. મા.
ભક્તિથી આંગી ભલી ચડાવું માજી તુજ મંદીર. હાં.
મોરી માતા, સુખદાતા, દયો શાતા, ગુણ ગાતા.
ગુણવર્ધક મંડળી નેહ નજરથી વધાવસે આજે, મા મારે

ગાયન ૭ મું. રાગ ચમકી ચમકી.

ઓ માજી ઓ માજી અમોને તારો, આ ભવમાંથી ઉગારો
આવ્યોછું આવ્યોછું માજી આજે, હું ઉગરવાની કાજે.
મેં પાપ મેં પાપ કીધાં છે ભારી, નથી ઉગરવાની બારી

ઓ માજી ઓ માજી શીવ સુખ આપો, આ કષ્ટ અમારાં કાપો
આ ભવનો આ ભવનો ટાલો ફેરો, મારા પાપે મુજને ઘેર્યો
હું ભુલ્યો હું ભુલ્યો છું બહુ ભારી, આના માનીશ તમારી
માજી માજી શી ખુશી તમારી, સૌ શેવક લેજો તારી;

ગાયન ૮ મું રાગ શું કામ તણી બલીહારી.

ઓ બહુચર માત અમારી, અમો શરણે આવ્યા તમારી

સાખી

મુગટ શીર સુંદર શોહે, કંઠે મુકતા માળ;
પ્રાત:સમે માજી દીશો, જાણે નાનું બાળ. ઓ બહુચર.

સાખી.

બાંહે બાજુબંધ બેરખાં, ઝાંઝરનો ઝમકાર;
વેઢ આંગળીએ શોભતા, વીજળી સમ ચમકાર. ઓ બહુચર.

સાખી.

ગુણવર્ધક મંડળી મળી, માજીના ગુણ ગાય;
માજીના દરશન થકી, સદા સુખીઆં થાય. ઓ બહુ.

ગાયન ૯ મું રાગ જુઓ પીતાજી.

જુઓ સભાજન નજર કરીને, બહુચર માની મુરતી સારી
એક ધ્યાનથી સેવા બજાવી, સમરણ કરજો નેત્ર નિહાળી. જુ
માથે મુગટ માજી નાકે છે વાળી, કંઠે હીરાનો હારછેભારી.
તે દેખી મારૂં મનહરખાયું નીત્યનમુ માજી હું વારીવારી જુ.
માજી શેવક સૌ પાએ નમેછે, હરખ ધરીને મા ઉરમાંહી;
આપતણી માજી ભકિતની કાજે, ફિલટ આણી આવ્યોછું આંહી જુ.

વર્ધક મંડળી અરજ કરે છે. હેગે દરશન માજી અમારી;
કરજોડી માજી પાયે નમેછે, આ મંડળીને માજી સાહ્ય તમારી જી.

ગાયન ૧૦ મુ રાગ કયાંથી આ સંભળાય.

અર્જ કરૂં આ વાર બહુચર મા અર્જ કરૂં આ વાર;
નથી કોઇનો મારે આધાર, બહુચર મા અરજ કરૂં આ વાર.
લાખ ચોરાશી ફેરા મંતે, ખાધા અપરંપાર;
તોપણ મારો પત્તો ના લાગ્યો, થાઓ ગરીબનીવાર. બહુચરમા.
માજી કૃપાળુ છો મા દયાળુ, તારો મુજને આવાર;
મહેર કરીને માજી અમોને, ઉતારો ભવપાર. બહુચરમા.
જગત જનેતા માજી મુજને, તારો છો આધાર;
નથુ તથા પાનાચંદ પ્રેમે, વંદે વાર હજાર. બહુચરમા.

ગાયન ૧૧ મું. રાગ સખીઓ નીજ નીજ નીતી ધર્મ.

સઘળા શેવકોનો સાથ સારો મળ્યોરે;
માટે સજો સૌ નિતીનો સણગાર;
માના મંડપમાં રંગે રાસ રૂડા રમોરે;

સાખી.

જઇને માજી આગળે, નાચો થેઇ થેઇકાર;
ફરતાં ફરરર ફુદડી, ગાઓ ગુણ અપાર;
માજી નેહ નજરથી સૌ શેવકને તારજોરે;
આ શેવકોને આપનો આધાર. માના મંડપમાં.

સાખી.

ગુણ ગાવું આરતી કરૂં, માજીના દરબાર;

અંદર કરી માજી મુને, ઉતારો ભવ પાર;
માજી ફરતાં ગાતાં ભવનો ફેરો ટાળજયોરે;
આવી શેવક તમારા ગુણ ગાય. માના મંડપમાં.

સાખી.

જગત જનેતા માહુની, બહુચર મોરી માત;
સહાય કરો માજી મુને, અંતરની કહું વાત.
કુમતી કાપીને મા સુમતી, સારી આપજોરે;
પાર ઉતારો આવી બહુચર મોરી માત. માના મંડપમાં.

ગાયન ૧૨ મું. રાગ. રે ના બોલો એવી વાત.

નમું બહુચરમા મોરી માત, ભક્તિથી પાય લાગુ. નમું.
માજી તારો છે આધાર, ઉતારો ભવજળ પાર;
સૌ સંઘ મળી ગુણ ગાયરે, બહુચરમા મોરીમાત. નમુ. ભક્તિ. નમુ

સાખી.

સહાય કરો માજી મુને, દેવી દીન દયાળ;
સૌ શેવકને તારજો, ટાળો ભવ જંજાળ.
ભક્તિથી પાય લાગુ, નમુ બહુચર
માજી પ્રેમે લાગુ પાય, શેવકને કરજો સહાય;
વર્ધક મંડળી ગુણ ગાયરે, બહુચર મોરી માત નમુ. ભક્તિ.નમુ.

ગાયન ૧૩ મું. રાગ લલિત છંદ.

નમી નમી કરૂં માજી વંદના, અજર માજી છોરે નીરંજના.
સુમતી આપસો હે મૈયા સતી કુમતી કાપશો હે દયાનીધી.

વીનયમાં રહી વંદના કરૂં, માજી માજી રે હું મુખ્યે ઉચરૂં;
તુજ કૃપા વિના પાર પામશું, તુજ કૃપા વિના દુઃખ જાય શું.
તુજ કૃપા વિના કાર્ય સિધશું, તુજ કૃપા વિના પાપ જાયશુ.
તુજ કૃપા થકી દુઃખ જાયરે, તુજ કૃપા થકી શાંન્તિ થાયરે.
સુનીતી માજીરે આપશો તમે, વર્ધક મંડળી આવીને નમે;
ચરણે આપને સંઘ સો નમે, દાશ સર્વને તારશો તમે.

ગાયન ૧૪ મું. રાગ રાજા પીલે દારૂડી.

માજી તોરે પારે આવ્યોરે, દેજો દરશન માજી આજ. માજી
સંખલપુરમાં આપ બીરાજો, કરજો શેવકને સહાય;
કુમકુમ કેશર ફુલ થકી હું નીત્ય કરૂં પુજાય. માજી તોરે
ગુણ ગાવું આરતી કરૂં, નાચુ થેઇ થેઇકાર;
મહેર કરી ઓ માજી મુને ઉતારો ભવપાર. માજી તોરે.
બહુચર માજી ભકિત તારી, દેજો મુને આજ;
કરજોડી રામો નમે છે, રાખો અમારી લાજ. માજી તોરે.

ગાયન ૧૫ મું. રાગ પ્યારીભાઈ વધાવું રે.

મોરી માત વધાવું રે. (૨)
કુંમકુંમ કેશર અક્ષત સાથે, પુંજુ બહુચર માત. મોરી માત
સંખલપુરમાં આપ બીરાજો, બહુચર મા સાક્ષાત. (૨)
શીર નમાવું રે, ખુશી થાવું રે, કુમકુમ. બહુચર.

ગાયન ૧૬ મું. રાગ તમો ડરાવો મુંને શું આમ.

સૌ સભા મળીને તમામ, માજી વંદન કરીએરે. સૌ સભા મળીને.
ભક્તિ માજી કદી નહીં ભુલું, પ્રીતેથી કરૂં પ્રણામ. માજી. સૌ સભા.
અતી ઉમંગે માના ગુણ ગાવો, સભા મળીને તમામ. માજી સૌ સ.
કરજોડી માજી નથુ નમે છે, લેશું માજી કેરૂં નામ. માજી સૌ સભા.

ગાયન ૧૭ મું. રાગ લીલાવતી.

અરે જીવ ચેતી લે, કાળ આવી પડયો તારી સાથ;
રળી રળી ધન ભેગું તેં કીધું, નથી રહેવાનું તે તારે હાથ. અરે
માત પીતા બંધવ ભગનીતો, કોઈ નહિ કરે તારો સંગાથ. અરે
માટે વિચારી, મતિ સુધારી, ધર્મ કરજે તું તારે હાથ. અરે.
શ્રી ગુણ વર્ધક મંડળી આજે, માજી આવી નમે સૌ સાથ. અરે

ગાયન ૧૮ મું. રાગ આસું આસું કે ચોમાસું.

દુઃખનીવારણ બહુચર માજી દેવી દયાળ છો;
સુખ કરો શેવકને આવારે, માજી કૃપાળ છો.
સંખલપુરમાં માજી બીરાજો, કરો શેવકને સહાય;
કુંમકુંમ કેશર ફુલ થકી હું નીત્ય કરૂં પુજાય દુઃખ.
બહુચર માતા તુજ ગુણ ગાતા, વંદન કરીએ આજ;
કષ્ટનીવારી વિનય વધારી, રાખોને મા લાજ. દુઃખ.
માજી કેરૂં નામ સમરતાં, રોગ દોગ સૌ જાય;

શ્રી ગુણ વર્ધક મંડળી આજે, હરખ ધરી ગુણ ગાય. દુઃખ.

ગાયન ૧૯ મું. રાગ નીંબળ શત્રુ.

ગામે ગામથી માજી લોકો દરસન કરવા આવે છે;
ખરા ભાવથી ભકિત કરે તો, માજીને મન ભાવે છે.
અતી ઉમંગથી આવે તેનું દુઃખ દુર થાય;
કુડી નજરથી આવે તેનો પાપ બાંધી જાય,
એવા દુષ્ટજનો આવી આવી ખાલી ગોથાં ખાય. ગામે.
ભીડ ભાગોને ભવાંની મા સૌને કરજો સહાયઃ
વર્ધક મંડળી મળી મા, લાગે તમને પાય;
આપ વિના માજી મહારાં, કોણ કરે સહાય. ગામે ગામથી,

ગાયન ૨૦ મું. રાગ તાનનો ભરૂસો.

દેહનો ભરૂસો નથીરે ઓ જીવતારી દેહનો ભરૂસો નથીરે.
આછે તન પતંગ સરીખો સાથી રહયોક્યું મથીરે. ઓ જીવ.
જગતમાં જે જન્મીઆ, આખર તે મરનાર;
છે આશા ઉમર તણી, કરે અભિમાન અપાર. દેહનો.
ધંધો કરી ધન મેળવ્યું, લક્ષ્મી લાખ કરોડ;
ના ખરચ્યું ના વાવર્યું, કરે છે દોડા દોડ દેહનો,
જાણ જરૂર તું જીવડા, નથી તહાયરૂં કોઈ
દેહ નથી તુજ તહાયરી, માટે ચાલજે જોઈ. દેહનો.
કાયા અર્પી નીમળી, મા ચરણે ચિત્ત ચહાય;
આપ મટે મા જાપથી, સફળ મનોરથ થાય, દેહનો.

ગાયન ૨૧ મું. રાગ શું કલ્પાવો તલપાવો.

માજી મહેર કરી ઉગારો તારો શરણે આવ્યા શેવક સૌ અનાથ
સુખકારી, દુઃખહારી, આતારી, ભવતારી, વીસ્તારી કીર્તી છે માત,
જય જય બહુચર માજીને વંદીએ, બેકર જોડીને હાથ. માજી મહેર.
અતી આનંદે ઉમંગે મા હરખીને આવ્યો તમારી હું પાસ;
પાપ અમાપ અનાદીનાં કાપોમા, મોટી તમારી છે આશા, માજીમહેર

ગાયન ૨૨ મુ. કાહાનકાળારે મારી ચુંદડીના ચોર.

દરશન દેજોરે મૈયા બહુચરા તમે,
અતી ઉમંગેરે માજી આવીયા અમે;
માનો મંડપરે ઘણો શોભતો ભારી,
સૌ આવેરે ચાલ્યાં નરને નારી;
સૌ આવે માજી આજ, રાખો લાજ,
છો ગરીબોનીવાજ. દરશન,
માથે ચટી આવ્યો કાળ, જાણી બાળ;
માજી આપ છો દયાળ.
છો જનેતારે જાણી બાળ તમારા;
દુઃખ કાપોરે માજી આજ અમારાં.
પાનાચંદ પ્રેમેરે ગુણ ગાય તમારા;
અષાઢ માસેરે સુખે સંઘનો ભરાય.
માના આગેરે કંકુ કેશર રોળાય;
તેથી હૈયું હરખાય, માના ગુણનો ગવાય;
દરશન દેજો મંમાય, સૌ આવીઆ અમે. દરશન.
માના ચોકમાંરે અમે ફરતાં રમીશું રાસ;
હરખે માજી રાસ રમીશું, મોટી તમારી આશ;

ભુલ ચુક મા માફી કરજો જાણી તમારો દાસ.
માના દરશન.

ગાયન ૨૩ મું. રાગ નેક નામદાર.

બહુચર માતુ મહાચરી હું વંદુ વારંવાર;
આ શેવકને આ સમે તમોછો તારનાર. બહુચર.
નમન કરૂં નિત્ય માજી આપને હું આજ;
ભ્રાંન્તિ ભાગો મહાચરી તમો છો શિરતાજ. બહુચર.
છો માજી દયાળ દેવી, જગતના આધાર;
આપ કાવ્ય જે કહો સુને માજી આ વાર. બહુચર.
શ્રીગુણવર્ધક મંડળી નમે છે માજી આજ;
સંકટ વિષે સહાયથાજો માજી બહુચર માત. બહુચર.

ગાયન ૨૪ મું. રાગ કેરબો.

બહુચર બાળી જગ અજવાળી પુરો આશા મારીરે;
પુરો આશા મારીરે હુંતો નમું વારીરે. બહુચર.
અદભુત શોભા માજી તારી દીશે બાળે વેશ;
દૈત્યોનાં દળ હરવા માટે ધર્યો કારમો વેશ. બહુચર.
માજી કેરૂં નામ સુણતાં પાપી પાવન થાય;
તેથી સેવક સર્વે માજી દરશન માટે ચહાય. બહુચર.
સંખલપુરમાં આપ બીરાજે બહુચર મોરી માત;
માજી કેરૂં સમરણ કરતાં છુટે ભવનાં પાપ. બહુચર.
માજી મારી અર્જ સ્વીકારી દરશન દયો મંમાય;
શીવ સુત શામો આજે માજી લાગે તમને પાય. બહુચર.

ગાયન ૨૫ મું. રાગ બાપજી બસે કરો.

ઓ માજી મેહેર કરો આપ નામ સદા સૌ મુખે ઉચરતા,
મેહેર કરો મેહેર કરો, મા મેહેર કરો ઓ માજી;
અતી ઉમંગે મા સેવા બજાવું. (૨)
હરખ ધરી મા તારા ગુણ ગાવું. (૨)
મારી માજી માજી હું ઉચરતો (૨)
સદા ધ્યાન ધરતો માજીને સમરતો;
સૌ મુરખ જન રહેશે ભટકતા. ઓ માજી.

ગાયન ૨૬ મું. રાગ જય જય જીનવર.

ધન્ય ધન્ય બાળી બહુચર માત, આવી નમું હું નીશદીનરાત.
આ શેવકોને તારો આધાર, વંદો માજીને વારંવાર:
માજી અમોને તારી આશ, આપ કૃપાથી રમીએ રાશ;
માજી ચાચર તારો દરબાર, તેની શોભા અપરંપાર
માન સરોવર જે કોઈ નહાય, દુઃખ સઘળાં તો તેનાં જાય
માજી બેઠાં વરખડી મુળ, કરમાં ઝાલીને ત્રીશુળ;
નારશીંગ માજી તારો દાસ, સામા હનુમાન ચાચરપાસ.
વર્ધક મંડળી લાગે પાય, સૌ શેવકને કરજો સહાય.

ગાયન ૨૭ રાગ તમને મારા સોગન.

સરસ્વતી અપો સુભમતી, સુનતો મોરી માતજી. (૨)
મોરી માતજી................અહાં મોરી માતજી. સરસ્વતી.
સૌ સેવકની આ સમે, પુરજો મારી આશ.
સીવ સુતરાંમો નીત નમે, હું મા સદાનો દાશ.
બળદારી, મોરારી, લાચારી, મારી છે સદા, સરસ્વતી.

ગાયન ૨૮ રાગ કેરા તાન ભરે પાગ વાન.

ઓ માત અમો સૌ સાથે આવીને અર્જ તમો આગળ કરીએ;
સુખ શાંન્તી કરો દુખ દુર કરો, આવી તમ આગળ ઉચરીએ;
મા મેહેર કરો લીલા લેહેર કરો, મા દુઃખ હરો માહરી માગુ એ મા,
સાહ્ય કરો, મા સાહ્ય કરો દુખ દુર કરો મા દુર કરો;
સેવક જન મા સુખે રમીએ. (૨)
માહરી માગી કહું, પાય લાગી કહુ, હું નીસદીન તારૂ ધ્યાન
ધરૂ. (૨) ઓ માત.

ગાયન ૨૯ રાગ પીરીનું પગમાં પાંઉરી.

શેવક મો શરણે આવ્યા (૨) કૃપા કરી માત તારજો;
આપ બોરાજેલ સ ખસ ગુનમાં, ને મેહેર કરી સુને તારો મારી માત.
મા મેહેર કરો, લીલા લેહેર કરો, મા દુખ હરો, મા સુખ કરો
દીલ દરા ધરો. સેવક.
રોજ દી, માજીની ભકતી કરનો, ને માજીનું ધ્યાન ધરતો, ને પોતા
નો ધરમ સાચવનો.
એ દહાડા, ને આજ પાપ કરી પેટ ભરીયે છીએ, ને દુઃખ
ભોગવીએ છીએ; એ દહાડા.
મા મેહેર કરી સૌ સેવકને ઉગારજે. શેવક મો.

ગાયન ૩૦ રાગ દશા આશી થઈ મારી.

સુણો મોરી માત અરજ મારી નમે સૌ સાથ આવારી.

સાખી.

માજી તુજ દરશન વિના, મન મારૂ અકળાય;
દરશન દો મૈયા મુને, નમીને લાગુ પાય.
નમે સૌ સાથ નરનારી, (૨) માજીની ભક્તિ છે સારી. સુણો.

સાખી.

મૈ સેવક માજી તુને, અરજ કરે આવાર;
બહુચર માજી આ સમે, રાખો અમારી લાજ.
માજી દીલમાં દયા લાવો, (૨) તારીને પાર ઉતારો. સુણો.

સાખી.

જગત જનેતા આ સમે, તારો છે આધાર.
દેવી દીન દયાળ છો, ઉતારો ભવપાર.
દયા લાવો દીલે મારી, (૨) અરે ઓ માતુ હુમારી સુણો.

ગાયન ૩૧ રાગ તુને કુમલીજી.

નમુ તુને હું આવારે, ઓ માજી માની નમુ.
સંખલપુરમાં માજી બીરાજો, આવુ માજી તારી પારે. ઓ નમુ.
સેવક જાણી પાર ઉતારો, છો મુજ પ્રાણઆધાર ઓ. નમુ.
ચરખડી નીચે વાસો તમારો. દરશન દયોને આવારે. ઓ. નમુ.
મા ગુણ વર્ધક મંડળી આજે, સરણે આવીછે તમારે. ઓ. નમુ.

ગાયન ૩૨ માથાના મુગટ મારા.

મેહેર કરીને માજી, શેવકોને તારોરે;
શેવકોને છે માજી આશરો તમારોરે. મેહેર.
સંખલપુરમાં આપ બીરાજો, માજી બહુચર માતુરે;
માજી, માજી, માજી, માજી, (૨)
કૃપા કરીને મા શેવકની વારે આવોરે. મેહેર.

ગાયન ૩૩ રાગ બેડો બાઇ.

શેવક સૌ સરણે તમારીરે, લેજો મૈયા અમને ઉગારી;
સંખલપુરમાં આપ બીરાજો, કરજો શેવકને સહાય.
અમો આવ્યા માજી શરણે તમારી, ઉગારો તો ઉગરાય;

માજી તમોછો ઉપગારીરે. શેવક૦
સેવકને તમો સ્હાય કરો મા, આણી મન ઉલ્લાસ. (૨)
ભવસાગરમાં ભટકી કરીને આવ્યો હું તમારી પાસ;
કૃપા કરી લ્યો મને તારીરે. શેવક.
બહુચર માજી કષ્ટ અમારાં કાપોને મોરી માત;
સીવ સુત શામો નીત્ય નમે છે ઉભો રહી જોડી હાથ;
નાથાલાલ નમે આ વારીરે; શેવક.
મોતી તથા પાનાચંદ માજી ગુણ તમારા ગાય;
હુરગોવન મા હાથ જોડીને લાગે તમોને પાય,
લેજો મૈયા સૌને ઉગારીરે. શેવક.

ગાયન ૩૪ રાગ સખીઓ નીજ નીજ.

બહુચર માજી આજે, પત્રીકા સ્વીકારજોરે;
લખે ચરણકમળનો દાસ, માજી મેહેર કરી મુને તારજોરે;

સાખી.

આપ વિના મા કોઈ નહિ, માજી બહુચર માત;
શેવક સૌ આવી નમે, જગમાં છો પ્રખ્યાત.
બહુચર માજી ભક્તિ તારી હું ભુલુ નહીરે;
છો જગતનાં દીન દયાળ. માજી.

સાખી.

નામ લેતાં સુખ ઉપજે, દરશનથી દુઃખ જાય;
માજી તમ પ્રતાપથી, દુઃખ નીવારણ થાય.
બહુચર બાળી જગ અજવાળી ચુવાળ ચોકમાંરે;
સ્હાય કરજો માજી, શેવકને આવાર. માજી.

સાખી.

બહુચર માજી આ સમે, સૌને કરજો સ્હાય;

કષ્ટ અમારાં કાપજો, રોગ દોગ સૌ જાય.
સૌ પ્રેમ ધરીને નમે, બહુચર માતુનેરે;
ગુણવર્ધક મંડળી, માજીના ગુણ ગાય. માજી.

ગાયન ૩૪ રાગ પ્રેમ વ્યાન સરથી.

દુઃખ હરો માજી દુઃખ હરો, જગતારી બહુચર દુઃખ હરોરે;
કપટ કર્માએ હમકુ ફસાયા, માજી અમારી વારે ચડોરે દુઃખ.
મેહેર કરીને માજી અમારા, સઘળા શત્રુ દુર કરોરે; દુઃખ.
હું અપરાધી છું માહા પાપી, માજી અમાને સાહ્ય કરોરે. દુઃખ.
હેત ધરી મોતી ગુણ ગાવે, માજી અમાને સુખીઆ કરોરે. દુઃખ.

ગાયન ૩૫ રાગ મારા ચતુર શીરોમણ.

આરાસુર અંબે માત, શેવકની વારે આવજો;
મારી માજી દુઃખડાં નીવારજો;
જોગ માયા દુઃખડાં નીવારજો;
અંબાવા દુઃખડાં નીવારજો.
મા મેહેર કરીને આજ, સૌ શેવકને તારજો. આરાસુર.
માજી પાંમરપાળ દયાળ;
સૌ શેવકને ઉગારજો. આરાસુર.
વંદે મા રામો આજ;
શેવકનાં દુઃખ નીવારજો. આરાસુર.
વર્ધક મંડળી ગુણ ગાય, માજી મંદીરે પધારજો. આરાસુર.

ગાયન ૩૬ રાગ નગીનારે.

જોગમાયારે નેહ નજર કરો આજ;
દુઃખ નીવારણ દેવી દયાળુ;
છો મા ગરીબો નીવાજ. જોગમાયારે.

માજી અમોને સહાય કરોને;
છો માજી સીરતાજ. જોગમાયારે.
માજી અમારી વારે ચડોને;
સફળ કરો મમ કાજ. જોગમાયારે.
કર જોડી આ સેવક કહે છે;
રાખો સેવકની લાજ, જોગમાયારે.

ગાયન ૩૭ રાગ ઠુમરીકલંક.

મા આવ્યા અમો [illegible] માંડવ, દરશન હવે દેજોને માતરે;
કરો સૌ સેવકની સહાય; દરશન.
માજી [illegible] છો [illegible]; દરશન.
[illegible], દરશન.
[illegible], દરશન.
[illegible] દરશન.
[illegible] દરશન.
બીજા માતા છે [illegible]; દરશન.
[illegible] દરશન.
કરો લોક ચુવાળનાં [illegible]. દરશન.
ગુણ વંદે [illegible] ગુણ ગાય. દરશન.
સહાય કરજો તમો સમાય; દરશન.

ગાયન ૩૮ ઠુમરીકલંક.

લોક ચુંવાળનાં સરદાર, બહુચર માજી સહાય કરોરે;
માજી સેવક આવ્યા તારી પાસ; બહુચર.
માજી નારસીંગ છે તારી પાસ; બહુચર.
માજી રહ્યો થઇ તે તારો દાસ. બહુચર.

છે સનમુખ સામા હનુમાન બહુચર.
દીપમાળ છે ચાચર સમાન; બહુચર.
સૌ માંનસરોવરમાં નાહ્ય; બહુચર.
માજી ગુણ તમારા સૌ ગાય; બહુચર.
થયાં મરઘ ઉપર અસ્વાર, બહુચર.
હો શુરાનાં તમો સરદાર, બહુચર.
સૌ શેવક મળીને ગુણ ગાય; બહુચર.
માજી નમી નમો લાગે તમને પાય બહુચર.

ગાયન ૩૯ રાગ કુંવરી કુંવરજી કોડામણા.

ચોક ચુંવાળમાં બહુચરા, આરાસુરે અંબે માત.
આબુમાંહી છે અર્બુદા, માજી અજાઈ સાક્ષાત, ચોક ચુંવાળમાં.
નોતગાને તુળજા મળી અંનપુર્ણા ઓ માત;
વેરાઇ વડેચી રૂપાલમાં, ઉમીઆ મોરીરે માત; ચોક ચુંવાળમાં.
કાળી માહાકાળી ભદ્રકાળી, કાળી કાળકા માત;
માતર મઠમાં બીરાજતાં સ્હાય કરો મોરી માત ચોકચુંવાળમાં.
વાઘેશ્વરી વીરૂ ગાંમમાં વળી વાઘવઇ માત;
બ્રહ્માણી રૂદ્રાણીને ઉમીઆ, ગાયત્રી સરસ્વતી સાથ; ચોકચુંવાળમાં.
વર્ધક મંડળી આવી નમે માજી તારેરે પાય;
નાથાલાલ ગુણ ગાયછે સદાય કરજો મા સ્હાય; ચોકચુંવાળમાં.

ગાયન ૪૦ રાગ વાહ વાહરે.

વાહ વાહરે આજે મુને માજી મળયાં છે આનંદ થયો. (૨)
માજી માજી સદા હું મુખે ઉચ્ચરતો; (૨)
ઓ માજી માહારી, કરૂ શેવા તાહારી;
લાગે મુને પ્યારી, નમે નર નારી;
સદા સુખ કારી, માજી માજી વાહ વાહરે.

ગાયન ૪૧ મું. રાગ ચાલીજા ચાલીજા.

માજી ઓ માજી ઓ બહુચર માત;
દુઃખ નીવારી, શેવકને ઉગારી; અરે માતુ માહરી,
ટાળે મુજ પાપ.
નમું આ વારી, ઓ માજી અમારી;
હું સરણું તમારી, આવ્યો છું આ વાર.
શેવક મા આવી નમે સૌ સાથ;
વંદે છે માજીને, કરજોડી હાથ.
સદા રાજી થઇને, માજી ગુણ ગાઇને;
ઉમંગ અતી ઉપજ્યો મોરી માત.

ગાયન ૪૨ મું. રાગ પ્રેમનો કોલ દીધો રાજકુમાર.

પ્રેમથી આવી પુગ્યું મોરી માત, મને જાણી સદાનો દાસ.
મને મોટી તમારી આશા ... ... પ્રેમથી.
કુંડલાં કાંબી સોભતાં મા. ઝાંઝરનો ઝમકાર;
બાંહે બાજુબંધ બેરખા મા, ઉર એકાવળ હાર...પ્રેમથી.
આંગ મોતીડે ભરી મા, ચોટલો નાગ સમાન;
સેંથો પૂર્યો સીંદુરથી મા, ટીલડી ચંદ્ર સમાન... પ્રેમથી.
ગુણ વર્ધક મંડળી મળી મા, ગુણ તમારા ગાય;
નાથાલાલ મુખે કહે મા, સૌને કરજો સહાય પ્રેમથી

ગાયન ૪૩ રાગ સહીયર સાંભળો.

શકળ શક્તિયોનો સાથ સારો મળ્યોરે;
હેતે ગરબા ગાવા આણી મન ઉલ્લાસ.
માતા સરખા સરખી સૌને તાળી આપતાંરે.

સાખી.

ઘણા હેતથી દેવીયો, ભેગી થઇ આ વાર;
શકિતના ઘમકારથી, ભુમી ઝીલે નહીં ભાર.
આવી સરખા સરખી શકિતયો થઇ એકઠીરે;
જાણે ખીલી રહ્યો પૂર્ણિમાનો ચંદ... ... ૬.. માતા.

સાખી.

સોહે પગમાં નેપુરે ઘુઘરીનો ઘમકાર;
વેણુ ભરી છે કંકુથી પાછળ ગોતીની હાર.
માંને કાંને લોલક ઝળકે હાથે ચુડીઓરે;
ઘુમ રી પાંની નથની જોઈ થયો આનંદ. માતા.

સાખી.

સાળુ પેહેર્યા શોભતા, ફરતી કસબી કોર;
ચંદન ચુંદી અટકાળું, આગળ ઘાલી સેળ.
સવ શકિત નાચે ગરબા રાના શોભનારે;
વર્ધક મંડળી આવી લાગે તમને પાય. માતા.

ગાયન ૪૯ રાગ ભારતુહુરી.

સદા નમું માજી તુજને, કરીને હું પ્રણામજી;
સેવા કરીએ માજી તહુની, આપો જુગ જુગ નામજી. પુજા
માની લ્યો માજી માહરી.
ચંપો ચંબેલીને મોગરો, જાઈ જુઈ અપારજી.
કેવડા કણેરોને કેતકી, લાવું ગુલાબના હારજી; પુજા માનીલ્યો.
ગુલદાવદીને બટ મોગરો, વેલવાડીમાં થાયજી;
તેરેલાવુ માજી તમ માટે, પુષ્પ જાતુજાતનાંત્યાંયજી; પુજા માનીલ્યો.

કમળ ફુલ માજી હું લાવું, કુંદનનો નહિ પારજી;
શેવતીને શીશ ચડાવીએ તો, રણ બંધાવું દ્વારજી: પુજા માની લેજો.
ગેંદાનાં ફુલ ઘણાં સોભતાં, ગુલચાંદની છે તાહજી—
મરવોને ડમરો છે ઘણો, લાવું જુકતથી માલજી. પુજા માની લેજો.
સંખાવળીને મધુ માલતી, ખીલી સોસની અપારજી;
ધનોને હજારી ફુલના, આરસીંગાના સણગારજી. પુજા માની લેજો.
કંકુ કેસર કપુર કાચલી, સુખડ સુગંધ અપારજી;
અબીલ ગુલાલ છે ઘણા, અગરબત્તી છે સારજી. પુજા માની લેજો.
આરતી ઉતારૂં માજી તાહરી, આવો આપ દ્વારજી;
સહાય કરો બહુચર માતજી, હો જગ આધારજી. પુજા માની લેજો.
નારસીંગ પ્રધાન માજી આપનાં, માનાં પગલાં પુજાયજી;
વર્ધક મંડળી નમી કહે, સુખ આપો સદાયજી. પુજા માની લેજો.

ગાયન ૪૫ મું રાગ હું ઘેલું પુત્રને પ્યારીને ગાનાર.

ઓ બહુચર માતુ અમારી, મા દુઃખમાંથી ઉગાર;
સંખલપુરમાં આપ બીરાજો, કરો સર્વને સહાય
કુમ કુમ કેસર ફુલ લઈ હું, નીત્ય કરૂં પુજાય રે મા. ઓ.
સમરણ કરૂં મા તાહરૂં, મોટી રાખી આશ;
સુખ આપી દુઃખ કાપજો, મા જાણી તમારો દાસ મા ઓ.

ગાયન ૪૬ મું રાગ ચાલો ચાલો ચતુર નર આજ.

તારો તારો બહુચર મોરી માત, ભવજળ તારોને;
મા છો તમે દેવી દયાળ, કષ્ટ નીવારોને;
છો જગત જનેતા માત, લાજ વધારોને
મા મહેર કરી મુને આજ પાર ઉતારોને;

વિત્રી સદ્દીન માજી સેવીએ સદા,
માગીએછે સુખ માજી આજરે અમને સંસાર સીંધુ માતતારીએ,
આશરો અમોને માજી એક આપનો;
કરીએ દરશન સૌ સાથરે અમને સંસાર સીંધુ માત તારીએ.
કુમ કુમ કેસર ચંદન ચોળી અમર વરેચન સારન ઘોળી;
પુજે ગુણ વર્ધક ટોળીરે તનમન વચન સુધારી.
સુખ્ક પુષ્ષ અમુલ ચહાવું બહુચર માતને શીશ નમાવું;
સુખકર સેવા બજાવું રે તનમન વચન સુધારી.

ગાયન ૪૭ મું રાગ વાહ વાહરે.

સેતા ગીરીથી આવીને વસ્યાં મા ચોક ચુંવાળમાં;
માની પાસે આવી સૌ શેવક નમે છે.
માજી મુને તારો, હું દાસ તમારો, સૌ પાપ નીવારો;
દયા દિલ ધારો, શેવકને ઉગારો માની, સેતા ગીરીથી.

ગાયન ૪૮ રાગ સત્ય ચરણ શરણ જગતનાથ.

તરણ તારણ શરણ બહુચર માત;
દુઃખ હરણ, દુઃખ હરણ, તરણ તારણ.
માજી આજ, રાખો લાજ, મારી આજ, શીર તાજ.
થાય નમું આજ, થાય સીધ્ધ કાજ, તરણ તારણ.
શેવક સૌ રાખી ચીત્ત, અતિ આનંદ ગાવે ગીત;
વાગે વીણા સાજ, થાય બહુ અવાજ. તરણ.
બહુચર માત જોડી હાથ, શેવક સૌ નમે છે સાથ;
રાખો મારી લાજ, માજી શીર તાજ... ...તરણ.

ગાયન ૪૯ રાગ આવો આવો જસોદાના કંથરે.

શુભ સરસ્વતી સંખલપુરરે સોભા સારીરે;
માજી બહુચર માની પાર, આવે નર નારીરે.
ચાસો સંખલપુરની માંહીરે, બહુચરા બીરાજેરે
અતિ ઉમંગ ધરીને આજ, દરશન કાજેરે.
ઘણી આવે .મા વરણ અઢારરે, તાઈ તબોળીરે;
આવી માજીના ગુણ ગાય, મુખે સો બોલીરે.
માજી દીસો છો દેવી દયાળરે, સો લોક આવેરે;
લઈ માળી પાસેથી હાર માજીને ચડાવેરે.
કરી પ્રદક્ષણા લાગે પાયરે, પછી ઘંટ વાજેરે;
માના દરબારે દિનને રાત, નોબત ગાજેરે.
સુંદર સોભા માજીના દરબારરે, ખાંમી ન કાંઈરે;
દીઠાં માજી બહુચર માત, દેવી મઠમાંહીરે.
નવરાત્રીના નવ દિનરે, ગરબા ગાવોરે;
થઇ મરઘ ઉપર અસ્વાર, ફરવા જાઓરે.
માજી છો જગમાં પ્રખ્યાતરે, બહુચર બાળીરે;
વર્ધક મંડળી તમારા ગુણ ગાય, નેત્ર નીહાળીરે.
માજી શેવકને કરજો સહાયરે, સોકો આવ્યારે;
નાથાલાલ તમારા ગુણ ગાય, છો જોગ માયારે.
માજી અર્જ કરે અરદાસરે, તમો સ્વીકારોરે;
નમે પાનાચંદ મા પાય, દાસ તમારોરે.
શોભે શહેર અમદાવાદ આજરે, રાજ ભુમી જ્યાંહીરે.
રહે છે રામો તથા મોતીલાલ, રાજ નગર માંહીરે.

આજ શેવક તમારા ગુણ ગાયરે. ગળી સૌ સંગેરે;
ગાયો ગરબો તે પુરણ પ્રેમ, અતિ ઉમંગેરે.

ગાયન ૫૦ મું રાગ સબ રાજગનરસે આયે.

સંખલપુર સાચી માતા, શેવકને દયો સુખ શાતા. (૨)
આજ મેહેર કરીને તારો. હું ભક્તિનો કરનારો. સંખલપુર.
અમે અતી ઉમંગે આવ્યા, માતકા દરશન પાયા. સંખલપુર.
આજ મુરતી મોહનગારી. દરશન કરલે નર નારી. સંખલપુર.
આજ બેઠાં વરખડી મુળ, કરમાં ઝાલી ત્રીશુળ સંખલપુર.
શેવક મંડળી ગુણ ગાવે, માતને શીશ નમાવે. સંખલપુર.
માનીલાલ અરજ કરે છે, માતનું ધ્યાન ધરે છે. સંખલપુર.

ગાયન ૫૧ રાગ યોવન મદમાં ઝુકેલી બેહેની સાહેલી.

છે જગત જોતાં માત જગ અજવાળી;
નમો માતને સૌ સાથ નેત્ર નિહાળી.
આજ ન્યારી, સેવા તારી કઠ સારી, મુને પ્યારી.
કરો અતી ઉમંગે ગાતી સેવા સારી.....છે જગત.
આજ ન્યારાં, દીસો સારાં છો ન્યારાં, લાગો પ્યારાં;
નમે સેવક સઘળા આવી બહુચર બાળી... ...છે જગત.

ગાયન ૫૨ મારા પોપટ પંખી બોલને.

હું નમુ શ્રી બહુચર માતને. (૨) હું નમુ.
કંચન વરણી કાયા તમારી, મરઘ ઉપર કીધી અસવારી.
આજે દરશન દેજો મા મને. હું નમુ.
અતી ઉમંગે હું ગુણ ગાઉં, બહુચર મા તુને શીશ નમાવું;
આજ મંડપ માંહી આવાને. હું નમુ.

ગાયન ૫૩ રાગ જાવોજી જાવોજી રાજજી થઇ તમે.

શેવોજી શેવોજી બહુચર માત તમો;
અતી ઉમંગેથી માજીને નીત્ય નમો.
પ્રેમથી પુજજ્યો માજીને આજ તમો;
રંગેથી રાગેથી ગાઇએજી ગુણ અમો.
એમ ધરી માને પુંજો સદા————
રાખી ચીત, ધરી પ્રીત, નમો નીત્ય; ગાવો ગીત, શેવો.
જગત જનેતા છો માજી મયાળ તમો.
સરણે આવ્યા સૌ સેવક આજ અમો.
પાપ અનાદીનાં કાપોને માત તમો.
જય જય બોલીએ માજીની આજ અગો.
ભકિત તમારી નહીં ભુલુ જરા——————
કાપો દુઃખ, આપો સુખ, ભાગો ભુખ, માગો મુખ, શેવો.

ગાયન ૫૪ નાચ.

શ્રી બહુચર મા તુને નમું, નમુ હું નીશદીન હરદમ;
સુખ કર દુઃખ હર માજી તું, શ્રી બહુચર મા તુને નમું.
વિઘ્ન નીવારો માજી મુને તારો. (૩)
છનનન છુંમ, છનનન છુંમ, છનનન છુંમ. શ્રી બહુચર,

ગાયન ૫૫ મું. રાગ ગજલ.

માજી મારી પાસ તારી આવ્યા સૌ અનાથ;
કર જોડીને માજી મારી, નમે સૌ સંધાથ. માજી.
આપ પાસે આવ્યા માજી, આજ દીન દાસ;

મહેર ક ને માજી મ્હારી, પુ્રા સૌની આશ. માજી.
માન સરોવર નહાઈ કરી, આવે તારી પાર;
અતી ઘણા સુગંધીદાર, લાવી પુષ્પ હાર. માજી.
વર્ધક મંડળી આવી નમે, માજી તુજ દરબાર;
આપ વિના માજી મહારાં કોનો છે આધાર. માજી.

ગાયન ૫૬ મું. રાગ દાશી શું થયું.

ફીકર માહારી, કાપો મોરી માતરે.
બહુચર માત, જોડી હાથ, નમીએ સાથ;
છીએ અનાથ, શેવક છુ તમારોરે. ફીકર.
નમન કરૂ આજ, આપ છો દયાળુરે;
આપો સુખ, કાપો દુઃખ, ભાગો ભુખ.
માગુ મુખ, શરણે છું તમારીરે. ફીકર.
વર્ધક શંડળી, અરજ કરે આજરે;
આવ્યા આજ, નમવા કાજ, રાખો લાજ;
સૌની આજ, દેવી છો દયાળરે. ફીકર.

ગાયન ૫૮ નાચ.

જગ પાળક ટાળક દુઃખ નીવારણ બહુચર માતુ દયાળ. ૨
જે સ્તુતી કરે સો બાળ, તેની લેજે તું સંભાળ;
ગુણવર્ધક મંડળીના બાળ પર મહેર રાખો આજે; જગ.

ગાયન ૫૯ રાગ લાવણી.

નીત્ય આરાધો બહુચર માને, દરશનથી દુઃખ ભાગે છે;
સનખલપુરમાં સાચી બહુચર, શીરપર છત્ર બીરાજે છે, ની.
આરાસુરમાં અંબા બીરાજે, પાવાગઢમાં મહાકાળી.
દક્ષિણમા માતુળજા ભવાની, સુંવાળમાં બહુચર બાળી. નીત્ય.

અરશ્વ ઉપર અસ્વારી કીધી, દૈત્યોના દળ હણવાને;
શેવક સર્વ ચાલી આવે, માનાં દરશન કરવાને. નીત્ય.
ધીગીકીટ ધીગીકીટ નોબત વાજે, શરણાઈ વાગે બહુ સારી.
શેવક સઘળા નમન કરે છે, દરશન દો માજી મહારી. ની.
બે કરજોડી નમન કરૂં છું, અરજ એક શુણો મારી.
ભુલચુક મા માફી કરજો, દાસ તમારો લેજો ધારી. નીત્ય
નાથાલાલ મા નમન કરે છે, દાશ તમારો શીરનામી.
દક્ષક મંડળી અરજ કરે છે, જગમાં કીર્તી બહુ જામી ની.

માતાજીનો થાળ.

ગાઝલ ૬૦ મું. રાગ હરમા તું દીલ મ.થ.

તમો જમોને મોરી માત જુક્તિથી જમોને મોરી માત;
થાળ બેર્યા ભલી ભાત, જુક્તિથી જમોને મોરી માત.
બરફી જલેબી ને ખાજાં છે સારાં (૨)
ગરરીના ઘીમાંહી બોળ્યાં છે ઝાઝાં;
ખાંડ ચડાવીને કીધાં છે તાજા.
પુરી પતાશાં સુતરફેણી સારી;
હેત કરીને જમો માજી મહારી.
દળ, દહીંથરાંને, મગસ;
છે તરેહ તરેહની જાત, માજીરે મારાં તરેહ તરેહની જાત જુક્તિ
કોપરૂં બમણી ખાંડ છે બમણી (૨)
બદામ ચારોળીને પસ્તાં છે ભેળાં;
અગરી બગડાને સોનેરી કેળાં
જુક્તિકરી માજી પીરશીને મેલ્યાં;
વાર ધારી જમો મા વહેલાં.
વડાં, વેડમી, ને ખીર;

વળી કીધોકમોદનો ભાત,માજીરેમારાંકીધોકમોદનોભાત.જુક્તિન
દુધપાક કરીને શીખંડ કીધો,
હેત ધરી માએ માનીજ લીધો;
ઝાંઝરૂં ઘી ઘાલી શીરોજ કીધો,
મગદળ મેસુર લાડવા સારા
મોતૈયા લાડુને સકકરપારા
વાલ. ચણાને વટાણા.
તે વઘાર્યા જુદી જાત. માજીરેમેં તો વઘાર્યા જુદીજાત જુક્તિથી
ભજીયાંને ભાજી કીધી છે તાજી.
તે હું તો પીરસીને થયો છું રાજી,
મહેર કરીને જમો મારી માજી.
જમતાં જોઇને થયો રાજી રાજી;
પાનની બીડી મા કીધી છે તાજી,
તજ, લવીંગને, એલચી.
મુખવાસ કરો મોરી માત, માજીરે મુખવાસ કરો મોરી
ભાત જુક્તિથી.

બહુચર બાળી જગ અજવાળી,
નીર્મળ નીરથી ભરી મા ઝારી;
હસ્ત પખાળ કરો માજી મારી,
મહેર કરી સો શેવક તારો.
વર્ધક મંડળીની શોભા વધારો.
પાનાચંદ. નાથાલાલ. તથા મોતીલાલ.
વંદે જોડી હાથ. માજીરે તુને વંદે જોડી હાથ, જુક્તિથી.

ગાયન ૬૧ મું. રાગ આરતી.

જય જગ્ત જનેતા માત આરાસુરવાળી;
આ શેવકની આજે (૨) આશા પુરો માજી. જયો જયો
મા જગદંબે
શેવક સર્વે આવી ગુણ તારા ગાતા. મા
દુઃખ સઘળાં મા કાપી (૨) સુખ આપો માતા જયો જયો
આંબે મોરી માત દરશન દયો માજી. મા.
નમી સેવક સૌ આજે (૨) થાય રાજી રાજી. જયો જયો.
ચંદ્ર સમાન મુખ શીર મુગટ શોભે. મા.
તે દેખી દીલ મહારૂ (૨) મંડપમાં થોભે. જયો જયો.
ભાલે તીલક શોભતુ મા નાકે છે વાળી. મા.
દૈત્ય દળ હણવાને ઉભાં ખડક ઝાલી. જયો જયો.
ચંડ મુંડને માત માર્યા તેં ક્રોધે. મા.
મહીષાસુરને મારી (૨) અન્ય અસુર શોધે. જયો જયો.
બ્રહ્મા આદી દેવ ગુણ તારા ગાતા. મા.
મહેર કરીને આજે (૨) દરશન દયો માતા. જયો જયો.
નવખંડે તુજ નામ બહુચર બળદારી. મા
નરનારી સૌ આવી (૨) પાય નમે તારી. જયો જયો.
આરાસુર અંબાય પાવાગઢ કાળી. મા.
સુંવાળમાંતો માજી (૨) બહુચર બળદારી. જયો જયો.
વર્ધક મંડળી આજ ગુણતારા ગાએ. મા.
દુઃખ કાપી સુખ આપો (૨) સુખી સદા થાએ. જયો જયો.
આરતી લીખીત પ્રકાર જે કોઇ ગાશે. મા.
તો માજી દુઃખ તેનાં (૨) નિશ્ચય દુર કરશે. જયો જયો.

સમાપ્ત

આગાઉથી ગ્રાહક થનારાઓના નામ.

શાહપુર.

૨૫ તા. મણીલાલ અમરતલાલ	૨૦ પા. નાનસા પરસોતમદાસ
૨૦ પા. પુંજાભાઇ નારણદાસ	૧૬ પા. કેશવલાલ જીવાભાઇ
૧૫ પા. ગોરધન નાગરદાસ	૧૫ પા. માધવલાલ દામોદરદાસ.
૧૫ પા. શાંતા જમનાદાસ.	૧૫ પા. સોમનાથ પરસોતમ,
૧૫ કુચરાભાઇ મંછારામ	૧૫ પા. અંબારામ પરભુદાસ
૧૦ બાપાલાલ લખમીચંદ	૧૦ મોરાર રણછોડભાઇ
૧૦ કેશવલાલ હલાભાઇ	૧૦ સોમનાથ હીરાચંદ
૧૦ પા. ઇશ્વરદાસ બેહેચરદાસ	૧૦ તા. ચુનીલાલ ઇચ્છારામ
૧૦ ખમાર મણીલાલ પરસોતમ	૧૦ પા. નથુભાઇ નરોતમદાસ
૧૦ પટેલ નાગે	૧૦ શા. શંભુલાલ અમથારામ.
૧૦ પા. ત્રીકમદાસ શવદાસ	૫ પા. ગબડદાસ મુળજી
૫ શુકલ ચુનીલાલ જેશંકર	૫ મોતીલાલ જેશંકર
૫ ગોરધનશંકર હરીશંકર	૫ તા. સાંકળેશ્વર મુળજીભાઇ
૫ ભાવસાર ભાયચંદ તળશી	૫ તા. માહાશંકર શીવરામ
૫ તા. અમરતલાલ મોતીલાલ	૫ પા. મોતીલાલ ભીખાભાઇ
૫ મહેતા જેશંકર વીઠલ	૫ તા. માહાશંકર દલપતરામ
૫ જાની છગનલાલ ગોપાળજી	૫ તા. પ્રભાશંકર હરગોવન
૫ ગો. દલપતરામ વલભરામ	૫ મોતીલાલ ત્રીકમલાલ
૫ પા. ડાહ્યાભાઇ મુળજી	૫ શા. કુચરા છગનલાલ
૪ પા. કરશનદાસ બાપુજી	૪ ડાક્ટર મણીલાલ કેવળદાસ
૩ પા. શાંકળચંદ જેશંગભાઇ	૩ પા. ડાહ્યાભાઇ બાપુજી
૨ જાની. ભીખાભાઇ ગોવીંદરામ	૨ જાની આતમારામ જગન્નાથ
૨ જાની. જેઠાલાલ માધવજી	૨ શા. શકરાભાઇ છગનલાલ
૨ પા. ઠાકરદાસ હરગોવન	૨ પા. ભોગીલાલ છગનલાલ

૨ શીવરામ ઈચ્છારામ — ૨ પા. ગબ્બડ છગનલાલ
૧ શા. ચમનલાલ ઉમેદરામ — ૧ શા કેશવલાલ મગનલાલ
૧ શા. અંબાલાલ ગગલ — ૧ માણેકલાલ હરીશંકર
૧ પા. કરશનદાસ અમથારામ — ૧ પા. મુળજી બોઘાભાઈ
૧ શા. ભલાભાઈ ગીરધર — ૧ ચુનીલાલ છગનલાલ
૧ શા. મણીલાલ ધરમચંદ — ૧ શા. અમુલખ ભાયચંદ
૧ શા. રણછોડ કેશવલાલ — ૧ ભટ. મોહનલાલ ત્રીભોવનદાસ
૧ શા. ચુનીલાલ કસ્તુર — ૧ સુરજરામ ગણપતરામ
૧ પા. હરજીવન ત્રીભોવનદાસ — ૧ પા. ઝવેરદાસ રામદાસ
૧ મગનલાલ ગણપતરામ — ૧ શા. મણીલાલ બોઘાભાઈ
૧ શા. ડાહ્યાભાઈ નારણદાસ

કાળુપુર.

૬૦ કા. રતીચંદ ઘેલશા — ૨૫ પા. લલુભાઈ કાલીદાસ.
૧૦ કા. ગોરધરલાલ રતીચંદ — ૧૦ કા. સાંકળચંદ વનમાળી
૧૦ કા. ચુનીલાલ રણછોડ — ૧૦ શા. સંભુલાલ ઉમેદરામ
૧૦ સુતાર. હીંમતલાલ જેઠારામ — ૧૦ સોની. રામજી હરગોવન
૧૦ કા. ભીખાભાઈ મગનલાલ — ૧૦ મી. શીવશંકર દેવશંકર
૧૦ કા. બાલાભાઈ ગીરધરલાલ — ૧૦ શા. અચરતલાલ જેઠાલાલ
૧૦ ભાવસાર. મનસુખ ગલાબચંદ — ૧૦ ચુનીલાલ કશનદાસ
૫ કા. અકુભાઈ લલુભાઈ — ૫ પા. સોમનાથ પાનાચંદ
૫ કા. કશનદાસ લલુભાઈ — ૫ પા. ગોરધનદાસ દલપત
૫ કા. ચુનીલાલ લલુભાઈ — ૫ ખમાર. મણીલાલ ચુનીલાલ
૫ કા. ગીરધર હરીભાઈ — ૫ ખાત્રી. હીરાલાલ મુળચંદ
૫ કા. ભોગીલાલ રણછોડ — ૫ ખાત્રી. બાપાલાલ મોરલીધર
૫ કા. ગીરધરલાલ છગનલાલ — ૫ કા. કેશવલાલ ગોવિંદલાલ.

૫ કા. અંબારામ મનસુખ
૫ પા. મગનલાલ ભીખાભાઇ
૨ જીવણલાલ અંબારામ
૨ ચીમનલાલ બાલાભાઈ
૨ મોતીલાલ દોલતરામ
૨ કા. મોતીલાલ જેઠાલાલ
૨ કા. મગનલાલ હાકિસા
૨ ડુગરચંદ ત્રીકમલાલ
૨ કા છેલ છોટાલાલ
૨ કા રણછોડલાલ બાયચંદ
૨ સુતાર. નારણદાસ લલુભાઇ
૧ ખમાર. મફતલાલ લલુભાઈ
૧ કા. ગીરધર કઉસા
૧ કા. મોતીલાલ નહાનસા
૧ ખાત્રી. ગીરધર અંબેરામ
૧ નગીનદાસ ગોપાળદાસ
૧ ચંદુલાલ જેઠાલાલ
૧ ડાહ્યાભાઈ વ્રજલાલ
૧ કા. અમરતલાલ રવીચંદ
૧ ખાત્રી. છોટાલાલ ગોપાલદાસ

૫ કા. જમનાદાસ જેઠાજી
૫ કા. વસંત મનસુખ
૨ કા. મણીલાલ જોઇતારામ
૨ શા. ચતુરલાલ ગીરધર
૨ મી. દલસુખ મગનલાલ
૨ ભોગીલાલ મોતીલાલ
૨ ખાત્રી. રતનજી ગણેશ
૨ કા. સાંકળચંદ કાળીદાસ
૨ કંદોઇ મનસુખ મુળજી
૨ ખાત્રી. રણછોડ મુળજી
૨ કા. જેઠાલાલ પેનરાવન
૧ વ્યાસ. મુળશંકર નાનાભાઇ
૧ નથુ હરગોવન
૧ ખમાર. ભુરાભાઇ મગનલાલ
૧ કા. અચરતલાલ ગીરધર
૧ કા. જીવા લલુભાઈ
૧ શકરા મગનલાલ
૧ કા. અમૃતલાલ ઘેલાભાઇ
૧ કા. છોટાલાલ લલુભાઇ

લુણસાવાડે.

૨૦ મી. છગનલાલ હરજીવન
૧૫ કા. મંગળદાશ ચકાશા
૧૧ પ્રેમચંદ જગજીવનદાસ
૧૦ કા. ચકુભાઇ છગનલાલ

૧૫ કા. બહેચર છગનલાલ
૧૫ કા. હરીલાલ જેચંદ
૧૦ પા. મગનલાલ કેશવલાલ
૧૦ શા, વાડીલાલ કાળીદાસ

૧૦ પા. મગનલાલ ઉમેદરામ
૧૦ કા. મુળજી જયચંદ
૧૦ શા. મોહનલાલ દોલતરામ
૧૦ પા. વૉજવલવ માહાસુખરામ
૧૦ શા. માણેકલાલ વરજીવન
૧૦ કા. જીવાબાઈ મગનલાલ
૧૦ કા. જેઠાજી રાયજી
૧૦ કા. નગીનદાસ નથુભાઇ
૧૦ કા. મોતીલાલ પીતાંબરદાસ
૧૦ કા. સોમનાથ ચકુભાઇ
૧૦ કા. કેશુર લખમીચંદ
૧૦ કા. માણેકલાલ મગનલાલ
૧૦ કા. છગનલાલ મયાચંદ
૫ કા. ચુનીલાલ રણછોડ
૫ પા. નરોતમદાસ માહાસુખરામ.
૫ કા. ચુનીલાલ જમનાદાસ
૫ કા. સોમા નથુભાઇ
૫ કા. કાળીદાસ નહાનશા
૫ પા. મુળચંદ ગોવીંદલાલ
૪ કા. છોટાલાલ નારણદાસ
૪ કા. મંગળદાસ નાનશા
૩ પુરબી. નારણશીંગ ઉમેદશીંગ
૨ હરગોવન જેઠાજી
૨ કા. ધનશા દલસુખ
૨ શા. જેશંગભાઇ છોટાલાલ
૨ પા. હરીવલવ સામળદાસ
૨ પા. ડયાભાઇ હાથીભાઇ
૨ શા, નકરાભાઇ પાનાચંદ
૨ ભટ. હીમતલાલ સોમનાથ
૨ સ્વામી. સોમનાથ હીરાચંદ
૧ શા. જેશંગ ડુંગરચંદ
૧ પા. ગીરધર અંજુભાઇ
૧ શા. નગીનદાસ હીરાચંદ

હરીયાપુર.

૫૫ પા. હરીલાલ જોઇતારામ
૫૦ પા. જેઠાલાલ મગનલાલ
૨૦ મી. મગનલાલ મોતીલાલ
૧૦ પા. જેઠાભાઇ રામદાસ
૧૦ પા. ત્રીકમલાલ અંબારામ
૧૦ સાંકળચંદ શંકરદાસ
૧૦ પા. છોટાલાલ ખોડીદાસ
૧૦ કા. મોહનલાલ પાનાચંદ
૧૦ પા. નથુભાઇ રણછોડ
૧૦ કા. જેઠાલાલ અંબારામ
૧૦ કા. નરશી જાદવજી
૬ કા. ચુનીલાલ મગનલાલ
૫ કા. રણછોડ જમનાદાસ
૨ ભટ. કાળીદાસ મોતીરામ

૫ કા. મગનલાલ કેશવદાસ — ૨ પા. જોઇતારામ ગોકળદાસ
૨ હરીશંકર લલુભાઇ — ૧ કા. નથુભાઇ છગનલાલ
૧ કા. જેઠાલાલ હરીલાલ — ૧ પા. મોહનલાલ મોતીરામ
૧ કા. મગનલાલ ગીરધર — ૧ બેચર ફકાભાઇ
૧ કા. જેઠાલાલ માધવજી — ૧ કા. મોહનલાલ પાનાચંદ

સારંગપુર

૧૧ શા. ભોગીલાલ શાંકળચંદ — ૧૦ શા. મોહનલાલ હરીભાઇ
૮ રંગરેજ. શાંકળચંદ જમનાદાસ — ૨ શા. લલુભાઇ શાંકળચંદ
૨ ચુનીલાલ છગનલાલ — ૨ મણીલાલ નરોત્તમ
૨ અમરતલાલ બાપાલાલ — ૨ શા. શાંકળચંદ
૧ છોટાલાલ અમરતલાલ — ૧ કેશવલાલ ચુનીલાલ
૧ મેહેતા. કલ્યાણરાય છોટાલાલ — ૧ અમરતલાલ જમનાદાસ
૧ શા. વાડીલાલ નથુભાઇ — ૧ શા. શામળદાસ નરશીદાસ
૧ શા. લલુભાઇ છોટાલાલ

સ્વામીનારાયણના મંદીર પાસે.

૧૦ પા. શીવા મુળજી — ૧૦ પા. મણીલાલ પાનાચંદ
૧૦ પા. છગનલાલ પરભુદાસ — ૨ તા. બળદેવ ઇશ્વરલાલ
૧ શીવલાલ ખુસાલદાસ — ૧ નરસીલાલ અંબારામ
૧ સા. જમનાદાસ તારાચંદ — ૧ શા. મણીલાલ હાથીભાઇ
૧ સા. લલુભાઇ કેવળદાસ — ૧ સા. મણીલાલ છોટાલાલ

ઘીકાંટે.

૧૦ પા. મોતીલાલ ગોપાળદાસ — ૧૦ પા. પરભુદાસ ગોપાળદાસ
૨ ઘાંચી. છગન કાળીદાસ — ૨ નરસી ખુમાજી

કડવા પોળ

૧૦ પા. સુંદરલાલ મણીલાલ — ૧૦ પા. જીવાભાઇ બાપુજી

૫ પા. ચીમનલાલ ચુનીલાલ ૫ પા. ગણપતલાલ છોટાલાલ
૨ પા. ભોગીલાલ જીવણદાસ ૧ પા. ડાહ્યાભાઇ મગનલાલ
૧ પા. મગજી જમનાદાસ

જાદાભગતની પોળ

૧૦ પા. કાશીદાસ ઇશ્વરલાલ ૫ પા. જુગલદાસ દોલતરામ

રાયપુર

૨૦ મી. મંગળદાસ મોતીલાલ ૧૦ જોંની. છગનલાલ અમૃતલાલ
૧૦ કા. હરજીવનલાલ અમરતલાલ ૫ ભાવસાર. આતમારામ છગનલાલ
૫ ભાવસાર. સોમનાથ નાગરદાસ ૫ કા. સોમાલાલ શાંવલાલ
૨ તા. શંકરલાલ જેઠાલાલ ૧ તા. શકરા પ્રાણજીવન
૨ કા. મોતીલાલ શાંવલાલ ૧ લવાર. પરસોતમ ખુશાખી

દીલ્હી દરવાજો.

૧૦ પા. હરગોવન કહાનદાસ ૧૦ નરોતમદાસ દલસુખ
૧૦ ભોગીલાલ જમનાદાસ ૧૦ પા. નથુભાઇ છકડદાસ
૧૦ સાંકળચંદ હરગોવન ૧૦ રણછોડ મુળજી.
૫ પા. ચુનીલાલ ભગવાનદાસ ૨ બાપાલાલ નહાનચંદ
૫ માળી અંબારામ નાગજીદાસ
૧૦ નાગર. દલસુખ ગણપતરામ

ખાડીઆ.

જલાપુર.

૨૦ કા. હાકિસા મોતીલાલ ૧૦ અમૃતલાલ દલસુખ

તાસપુર.

૫ વ્રજલાલ ખુલાખીદાસ
૧૦ રણછોડલાલ દાલભ થી
૧ શા. લાલભાઇ જેસીંગભાઇ

હરીપુર.

૨ પા. નહાનસા નરશીદાસ

માંડવપુર.

કલોલ.

૫ દેશાઇ. હીરાલાલ ઘેલાભાઈ ઝવેરદાસ — કડી.

મેમણા જીલ્લે રાધનપુર.

૫ વ્યાસ મુળશંકર શીવરામ

સેરથા તાલુકે કલોલ.

૧૦ ભટ. કેશવલાલ અંબેરામ — ૧૦ કહાનજી ફુલાજી

૪ તા. મોતીરામ તરભોવન

લીમડી.

૧ શા. પોપટલાલ નાથાલાલ — ૧ ત્રીભોવન મગનલાલ

૧ તા. વીઠલદાસ સુંદરજી

ઢાળની પોળ.

૫ શા. મણીલાલ મોહોલાલ — ૨ શા. મોતીલાલ સાંકળચંદ

૧ શા. નગીનદાસ પીતાંબર

૫ પા. શીવલાલ ગલાબચંદ — **દાણાપીઠ.**

રેલવેસ્ટેશન — **ઉમરેઠ**

૧૦ ખુશાલદાસ ગોવીંદદાસ — ૧ કેશવલાલ બાપુશંકર

માંડવીની પોળ

૨ લવાર. મગનલાલ ફુલાભાઇ — ૧ પા. હરગોવન રણછોડ

૧ ભટ. જીવણલાલ મનસુખ

નડીઆદ

૪ ભટ. જીવણલાલ હરીવલ્લભ — ૨ સોની. મોતીલાલ મનસુખ

૧ ભટ. નર્મદાશંકર મગનલાલ

અડાલજ તાલુકે દસક્રોઇ — **સોનાસણ જીલ્લે પ્રાંતીજ**

૨ કેશવલાલ પથુભાઈ — ૧ સાંકળચંદ ત્રીકમલાલ

જાહેર ખબર.

સર્વે સદગ્રહસ્થોને વીનંતી કરવામાં આવે છે કે આ ચોપડી જે સદગ્રહસ્થોને ખરીદ કરવાની મરજી હોય તેઓએ નીચેના ઠેકાણેથી રોકડી કીમતે મંગાવી લેવા તસ્દી લેવી તેમજ પહેલા ભાગની ચોપડીઓ જેઓને રાખવાની મરજી હશે તો તે પણ અમારે ત્યાંથી મળશે એ૦ર બહાર ગામ વાળા સદગ્રહસ્થોને ટપાલ ખર્ચ જુદું પડશે કી. રૂ. ૦—૧—૯ નોટપેડ કાગળ લેવામાં આવશે નહીં.

મળવાનું ઠેકાણું નીચે મુજબ.

જાની નાથાલાલ ભગવાનજી.

અમદાવાદમાં શાહાપુરમા ગોઝારીયાની પોળ પાસે

ખડકી ઘર નંબર ૪

પા રામલાલ શીવલાલ.

ઠે. અમદાવાદમાં શાહાપુરમાં ગરનાળાની પોળમાં

ઘર નંબર ૧

તથા ગુણવંત મંડળીમાંથી

ઠે. અમદાવાદમાં લુણશાવાડે મોટી પોળ આગળ.